ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર 3 નવેમ્બર ૨૦૨૫

આસપાસ

આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!



ઐતિહાસિક ધરોહર સાથે આધુનિક વિકાસની કેડી કંડારતું જોળ

જોડિયાં શિવલિંગથી 'જોળ' નામકરણ અને ૧૦૦૦ વર્ષ જૂનો આધ્યાત્મિક વારસો ધરાવતું વિકસિત ગામ

જોળ ટાઉન ટોક

-: જોળ ગામનો પરિચય :-

ગામના કુંટુંબોની કુલ સંખ્યા	1278
કુલ વસ્તી	5952
કુલ પુરૂષો	3093
કુલ સ્ત્રીઓ	2859

-: સાક્ષરતા દર :-

કુલ સાક્ષરતા દર	80.75
પુરૂષ સાક્ષરતા દર	89.79
સ્ત્રી સાક્ષરતા દર	71.17

-: ખેડૂતો :-

ખેડૂતો	550
ખેત મજૂર	886
સીમાંત વર્ગ	304

-: બીપીએલ :-

બીપીએલ કુટુંબ (0 થી 16)	21
બીપીએલ કુટુંબ (17 થી 20)	147

-: પશુધન :-

પશુધન	2482
ગાય	578
ભેંસ	1738
અન્ય	166

-: જમીન ક્ષેત્રફળ :-

739 હેક્ટર 84 આરે 92 ચોરસ મીટર
કાયમી ગોચર અને ચરણ 36 હેક્ટર 74 આરે 66 ચો.મી.

-: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

-: શૈક્ષણિક સગવડ :-

પ્રાથમિક શાળા	04
માધ્યમિક શાળા	00
ઉચ્ચ.માધ્ય. શાળા	00
વિદ્યાર્થીઓ	577

-: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા	2283

-: વીજળીકરણ :-

રહેણાંક વીજ જોડાણ	2283
ઔદ્યોગિક વિષયક જોડાણ	67
ખેતી વિષયક જોડાણ	119

-: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો	1438

-: સામાજિક સુરક્ષાની વિગતો :-

NFSA કાર્ડ ધારકો	435
BPL કાર્ડ ધારકો	88
APL કાર્ડ ધારકો	423
અંત્યોદય કાર્ડ ધારકો	58

-: યોજનાકીય લાભાર્થીઓ :-

વૃદ્ધા પેન્શન	47
વિધવા સહાય	104
આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો	05
ઉજ્જવલા યોજનાના લાભાર્થી	62



આઝાદી અગાઉ વડોદરા ગાયકવાડ શાસન હેઠળનું જોળ ગામ હાલમાં આણંદ લોકસભા અને વિધાનસભામાંસમાવિષ્ટ ગામ છે

ચરોતરની સોનેરી અને હરિયાળી ધરા પર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ કરમસદ અને સુપ્રસિદ્ધ યાત્રાધામ વડતાલની બિલકુલ મધ્યમાં આવેલું જોળ ગામ માત્ર તેની ભૌગોલિક સ્થિતિ પૂરતું સીમિત નથી, પરંતુ તે તેના ગૌરવશાળી ઈતિહાસ, આધ્યાત્મિક ધરોહર, પ્રગતિશીલ ખેતી, ૭૪ વર્ષ જૂની અમૂલ-સંલગ્ન શ્વેતક્રાંતિ, નવતર શિક્ષણ અને અદ્યતન આંતરમાળખાકીય સુવિધાઓ માટે સમગ્ર આણંદ પંથકમાં આગવી ઓળખ ધરાવે છે. રાજ્ય ધોરીમાર્ગ પર સ્થિત અને જિલ્લા તેમજ તાલુકા મથક આણંદથી માત્ર ૭ કિલોમીટરના અંતરે વસેલું આ ગામ પ્રાચીન પરંપરા અને આધુનિક ગ્રામીણ વિકાસનો અદભુત સમન્વય રજૂ કરે છે.

જોળ ગામના નામકરણ પાછળ એક અત્યંત રોચક અને અનોખો ધાર્મિક ઈતિહાસ જોડાયેલો છે. ગામના પ્રાચીન મહાદેવ મંદિરમાં બે શિવલિંગ પરસ્પર અડીને આવેલાં છે, જે સામાન્ય રીતે અન્ય શિવાલયોમાં ભાગ્યે જ જોવા મળે છે. આ બે જોડિયાં શિવલિંગની વિશિષ્ટતાને લીધે ગામનું નામ 'જોળ' પડ્યું હોવાની લોકમાન્યતા સદીઓથી પ્રચલિત છે. વર્ષ ૨૦૧૧ની સત્તાવાર વસ્તી ગણતરી અનુસાર ગામમાં ૧,૨૭૮ કુટુંબો સાથે કુલ ૫,૯૫૨ વસ્તી વસવાટ કરતી હતી, જેમાં ૩,૦૯૩ પુરુષો અને ૨,૮૫૯ સ્ત્રીઓ હતી. તે પૈકી અનુસૂચિત જાતિના ૪૭ પુરુષો અને ૫૯ સ્ત્રીઓ મળીને કુલ ૧૦૬ તેમજ અનુસૂચિત જનજાતિના ૨૯ પુરુષો અને ૨૨ સ્ત્રીઓ મળીને કુલ ૫૧ લોકો હતા. જ્યારે પંચાયતના આકારણી રજિસ્ટર મુજબ ગામમાં ૨,૪૯૩ મકાનો, ૧,૫૩૦ કુટુંબો અને અંદાજે ૭,૨૨૦ જેટલી વસ્તી નોંધાયેલી છે. સામાજિક સમરસતાની દ્રષ્ટિએ ગામમાં અંદાજે ૮૦ ટકા દરબાર ક્ષત્રિય સમાજ, ૧૫ ટકા પટેલ સમાજ તેમજ ૫ ટકા જેટલા મુસ્લિમ અને અનુસૂચિત જાતિ સહિતના અન્ય સમાજો પરસ્પર ભાઈચારાથી વસવાટ કરે છે

દાતાઓના ઉમદા સહયોગથી ગામમાં ભવ્ય પ્રવેશદ્વાર, સમાજવાડી,ચબુતરાસહિત અનેકસુવિધાઓનુંનિર્માણ

આણંદ તાલુકાનું જોળ ગામ વિદેશમાં વસતા પોતાના વતનીઓની સેવાભાવી પ્રવૃત્તિઓ દ્વારા સમૃદ્ધ અને સુવિધાઓથી સજ્જ છે. વિદેશની ધરતી પર સફળતાપૂર્વક જીવન જીવી રહેલા જોળના અનેક પરિવારો આજે પણ પોતાના ગામના વિકાસને પોતાની જવાબદારી સમજીને આર્થિક સહયોગ આપી રહ્યા છે. તેમની આ ઉદારતા અને વતનપ્રેમ ગામના વિકાસની સાથે સામાજિક એકતાનું પણ પ્રેરક ઉદાહરણ બની રહ્યો છે

જોળ ગામના અનેક પરિવારો વર્ષો પહેલાં રોજગાર અને વ્યવસાયની તકો મેળવવા વિદેશમાં સ્થાયી થયા હતા. સમય જતાં તેમણે વિદેશમાં પોતાની આગવી ઓળખ અને સફળતા હાંસલ કરી છે, પરંતુ આ સફળતાની સાથે પોતાની જન્મભૂમિ પ્રત્યેની ફરજ પણ યાદ રાખી છે. ગામમાં જ્યારે પણ કોઈ જાહેર બાંધકામ, સામાજિક સુવિધા કે વિકાસકાર્યની જરૂરિયાત ઊભી થાય છે ત્યારે વિદેશમાં વસતા વતનીઓ સહયોગ માટે આગળ આવે છે. તેમના આર્થિક સહયોગથી ગામમાં ભવ્ય પ્રવેશદ્વાર, સમાજવાડી, ચબુતરા સહિતનાં વિવિધ બાંધકામો સાકાર થયાં છે. આ બાંધકામો ગામની સુંદરતામાં વધારો કરવાની સાથે ગ્રામજનોની સામૂહિક જરૂરિયાતો પૂરી કરવામાં પણ ઉપયોગી બની રહ્યાં છે.

ગામના ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવામાં પણ વિદેશમાં વસતા દાતા પરિવારોનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ધાર્મિક સ્થળોના વિકાસ, સુવિધાઓના નિર્માણ અને જાળવણી માટે તેઓ પોતાની યથાશક્તિ આર્થિક સહાય પૂરી પાડે છે. ગામના સામાજિક અને ધાર્મિક પ્રસંગો સાથે જોડાયેલા રહેવાની તેમની ભાવના પ્રેરણારૂપ છે. દાતા પરિવારો પોતાની સફળતાનો લાભ સમગ્ર ગામને મળે તેવો અભિગમ અપનાવી રહ્યા છે. જોળના વિદેશસ્થિત દાતા પરિવારોની પરંપરા નવી પેઢીને એક મહત્વનો સંદેશ આપે છે કે જીવનમાં ગમે તેટલી પ્રગતિ કરો, પરંતુ પોતાની જન્મભૂમિ અને સમાજને ક્યારેય ભૂલશો નહીં. વતન માટે કરેલું નાનામાં નાનું યોગદાન પણ આવનારી પેઢીઓ માટે મોટી સુવિધા અને પ્રેરણાનું કારણ બની શકે છે.

ગામના ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવામાં પણ દાતા પરિવારોનો ફાળો નોંધપાત્ર રહ્યો છે



